ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સઃ ૨૩૫૦૧૨

E-mail : info@kskvkachchhuniversity.org Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./E C.-Minuets (24) 14th August'13 / ૨૦૧૩ –૧૪/ 89 to 99 તા. ૨૯ / ૦૮ /'૧૩

પ્રતિ,
એક્ઝિક્યુટીવ કાઉન્સિલના તમામ સભ્યશ્રીઓ તરફ...

**વિષય :** ગત તારીખ ૧૪મી ઓગષ્ટ '૨૦૧૩નાં રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની યોજાયેલ બેઠકની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કાર્યકારી કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને **તારીખ ૧૪મી ઓગષ્ટ '૨૦૧૩**ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલની ચોવીસમી બેઠકની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**કુલસચિવ**

**બિડાણ :** ઉપર મુજબ.
**નકલ સવિનય રવાના :** માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.

## તારીખ ૧૪મી ઓગષ્ટ ૨૦૧૩નાં રોજ બપોરે ૦૪ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની ચોવીસમી સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તારીખ ૧૪મી ઓગષ્ટ ૨૦૧૩ને બુધવારનાં બપોરે ૦૪ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલની ચોવીસમી બેઠક માનનીય કાર્યકારી કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓનાં આવકાર સાથે આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ. | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ.શ્રી પી. એન.દવે. **–અધ્યક્ષશ્રી**<br>માનનીય કાર્યકારી કુલપતિશ્રી,<br>ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. **–સભ્યશ્રી** | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. **–સભ્યશ્રી** | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. **–સભ્યશ્રી** | ગેર હાજર |
| ડૉ.શ્રી બી.એસ.પટેલ. **–સભ્યશ્રી**<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી પી. એન.દવે. **–સભ્યશ્રી**<br>ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ. ડી.સી.ધોળકિયા. **–સભ્યશ્રી**<br>પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી. **–સભ્યશ્રી**<br>પ્રોફેસર, સંસ્કૃત ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ. **–સભ્યશ્રી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ગાંધીધામ–કચ્છ. | હાજર |
| શ્રી નવલસિંહ એમ. જાડેજા. **–સભ્યશ્રી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ –કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી જી.એ.બક્ષી. **– સેક્રેટરી**<br>( કાર્યકારી કુલસચિવશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.) | હાજર |

### ૧. ગત સભાની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી :

ગત તારીખ ૭મી ઓગષ્ટ ૨૦૧૩ની સભાની મિનિટ્સ નોંધ વાંચનની વિગતે કાર્યસૂચિ મુજબ ક્રમાંક : ૭ (૨) : અન્વયે થયેલ ઠરાવ ક્રમાંક : ૮ : દ્વારા, કરાર આધારિત પધ્ધતિથી માસિક ફિકસ વેતનના ધોરણે ફરજ બજાવતા અધિકારીશ્રીઓ / કર્મચારીઓને ઈજાફો ચૂકવવા સંદર્ભે, કુલસચિવશ્રીને

પાના નંબર : ૨ : પર ચાલુ..

જે તે સમયે થયેલ સંબંધિત ઠરાવનુ અર્થઘટન કરી ચૂકવણા કરવા સંદર્ભે કુલપતિશ્રીનો આદેશ મેળવી યોગ્ય કાર્યવાહી હાથ ધરવા ઠરાવેલ હતુ પરંતુ તે સંદર્ભે યોગ્ય માર્ગદર્શનની જરૂરિયાત જણાતા તે અંગે રજૂઆત કરવામા આવી.

વધુમાં, ગત **તારીખ ૪થી જુલાઈ ૨૦૧૩ના** રોજની સભાની મિનિટ્સ નોંધના **ઠરાવ ક્રમાંકઃ** :૧૯: અન્વયે ઠરાવવામાં આવેલ તે મુજબ, પત્રક – ૧ અને પત્રક – ૨ મુજબના અધિકારીશ્રીઓ/ કર્મચારીઓને ચૂકવવાપાત્ર પગાર તફાવતની રકમ, ત્રણ હપ્તામા ચૂકવવી જેનો પ્રથમ અને દ્વિતિય હપ્તો કુલ ચૂકવવાપાત્ર રકમના ૪૦% જયારે તૃતિય અને અંતિમ હપ્તો કુલ ચૂકવવાપાત્ર રકમના ૨૦%નો નિયત કરાવામા આવેલ હતો આ હપ્તાઓ માસિક ચૂકવવાપાત્ર હતા, જયારે પત્રક – ૩ મુજબના અધિકારીશ્રીઓ/ કર્મચારીઓને ચૂકવવાપાત્ર પગાર તફાવતની રકમ પૈકી હાલે ૨૦% રકમ ચૂકવવાનુ નિયત કરવામા આવેલ હતુ અને બાકી રહેતી રકમનુ ચૂકવણૂ તે સંદર્ભે સરકારશ્રી દ્વારા મળનાર ગ્રાન્ટ અત્રે મળ્યે કરવાપાત્ર બનશે તથા આ ઠરાવ ક્રમાંકઃ :૧૯: નુ અમલીકરણ જુલાઈ'૨૦૧૩થી કરવુ તેવુ ઠરાવવામા આવેલ હતું.

ઉકત વિગતે ગત **તારીખ ૪થી જુલાઈ ૨૦૧૩ના** રોજની સભાની મિનિટ્સ નોંધનું વંચાણ, ત્યાર પછીની બેઠક, એટલે કે ગત **તારીખ ૭મી ઓગષ્ટ ૨૦૧૩ની** સભાની કાર્યસૂચિ મુજબ ક્રમાંક : ૧ : અન્વયે થયેલ ઠરાવ ક્રમાંક : ૧ : દ્વારા કરવામા આવતા થયેલ ચર્ચા બાદ તારીખ ૪થી જુલાઈ ૨૦૧૩ના બેઠકના ઠરાવ ક્રમાંકઃ :૧૯:મા સૂધારો કરવામા આવેલ હતો અને આ સુધારા મુજબ,પત્રક – ૧ અને પત્રક – ૩ સંબંધે હાલે કોઈ ચૂકવણુ ન કરતા સદર બાબત સ્થગિત રાખવા ઠરાવવામા આવેલ હતુ જયારે પત્રક – ૨ અન્વયે નિયત થયા મુજબ જ ચૂકવણુ કરવુ તેવુ ઠરાવવામા આવેલ હતુ.

આમ, આજ રોજની ( તારીખ ૧૪મી ઓગષ્ટ ૨૦૧૩) બેઠકમાં, ગત મિનિટ્સ નોંધ ( તારીખ ૭મી ઓગષ્ટ ૨૦૧૩) ના વંચાણ દરમ્યાન સદર ચૂકવણા સંદર્ભે કોઈ વિગત વાર ચર્ચા કરી શકાય તેટલો સમયાઅવકાશ જણાયેલ ન હતો.

સદર બાબતે ચર્ચા કરવામા આવી અને નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૧ :</u> ગત તારીખ ૭મી ઓગષ્ટ ૨૦૧૩ના રોજની સભા કાર્યસૂચિ ક્રમાંક : ૧ : અન્વયે થયેલ ઠરાવ ક્રમાંક : ૧ : સંબંધે તથા કાર્યસૂચિ ૭ (૨) : અન્વયે થયેલ ઠરાવ ક્રમાંક : ૮ : સંબંધે વધુ ચર્ચાની આવશ્યકતા જણાતા સદર બાબતો આગળની સભામા ચર્ચા અર્થે ફેર રજૂઆત કરવી જયારે અન્ય મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.**

**૨. યુનિવર્સિટી સંલગ્ન કોલેજો ખાતે ચાલતા બી.કોમ.અને એમ.કોમ. અભ્યાસક્રમો અન્વયે પ્રવેશ ક્ષમતા–ઈન્ટેક વધારવા બાબત :**

પાના નંબર : ૩ : પર ચાલુ..

યુનિવર્સિટી સંલગ્ન બી.એ., બી.કોમ. અને એમ.કોમ અભ્યાસક્રમો ચલાવતી કોલેજો દ્વારો વર્ગ દીઠ વિદ્યાર્થી પ્રવેશ –ઈન્ટેક વધારવા માટે નિમવામા આવેલ સમિતિનો અહેવાલ અત્રે રજૂ થયેલ છે જે અન્વયે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૨ :** **આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે, તોલાણી કોમર્સ કોલેજ, આદિપૂર ખાતે ચલતા એમ.કોમ.અભ્યાસક્રમ માટે ૧૦ બેઠકો ગ્રાન્ટ ઈન એઈડના ધોરણે તથા ૧૦ બેઠકો સ્વનિર્ભરતાના ધોરણે વધારવી જયારે તોલાણી ઈન્સ્ટીટયુટ ઓફ કોમર્સ,આદિપૂર ખાતે ચલતા બી.કોમ. અભ્યાસક્રમ માટે વર્ગ દીઠ ૨૫ બેઠકો વધારવી.**

**સદર વર્ગ દીઠ બેઠક વધારો માત્ર શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ પૂરતો રહેશે તથા આ વિદ્યાર્થી પ્રવેશ –ઈન્ટેક ક્ષમતાના વધારા સંબંધે પણ પ્રવેશને લગતી અનામતની તમામ જોગવાઈઓનુ સંપૂર્ણ પણે પરિપાલન કરાવાનુ રહેશે.**

**૩. યુનિવર્સિટીના વર્ષ ૨૦૧૧–૧૨ માટેના નાણાકીય હિસાબોના થયેલ ઓડીટ અન્વયે મળેલ કવેરી બાબત :**

નાણાકીય વર્ષ ૨૦૧૧–૧૨ માટેના નાણાકીય વ્યવહારોનુ ઓડીટ એ.જી જનરલ,રાજકોટ દ્વારા તા. ૧૮/૭/'૧૩ થી તા. ૩૦/૭/૧૩ દરમ્યાન કરવામા અવેલ હતુ સદર કમિટિએ દર્શાવેલ કવેરી સંબંધે ઓ.એસ.ડી.(ફા.)એ તૈયાર કરેલ જવાબો રજૂ કરવામા આવતા તે અંગે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૩ :** **આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે, નાણાકીય વર્ષ ૨૦૧૧–૧૨ અન્વયે થયેલ નાણાકીય વ્હારોના ઓડીટ અહેવાલમા દર્શાવેલ કવેરી સંબંધે ઓ.એસ.ડી.(ફા.)એ રજૂ કરેલ ખૂલાસાઓ અંગે વધુ ચર્ચાની આવશ્યકતાને ધ્યાને લેતા સદર બાબત હવે પછીની બેઠકમા ફેર રજૂ કરવી.**

**૪. માહિતી દર્શક લેબલના ખર્ચ તથા અન્ય ખર્ચ મંજૂર કરવા બાબત :**

રસાયણશાસ્ત્ર વિભાગ ખાતે તૈયાર કરવામા આવેલ સેન્ટર ફોર એકસોલસ ખાતે મૂકવામા આવેલ સાધનોની માહિતિ દર્શાવતા લેબલ લગવવા માટે અંદાજીત ખર્ચ રૂ.૧૫,૦૦૦/– મંજૂર કરાયેલ હતો જે અન્વયે કુલ રૂ. ૨૦,૦૦૦થી વધારે ખર્ચ થયેલ છે તે તથા માનનીય મુખ્યમંત્રીશ્રીની તા૧૪/૮/૧૩ના રોજના આગમન સંદર્ભે સુશોભન,ચીજ વસ્તુની ખરીદી માટે અંદાજીત ખર્ચ રૂ.૫૦,૦૦૦/– મંજૂર કરવામા આવેલ હતા જેના થી કુલ ખર્ચ ઓછો થયલ છે આ બન્ને બહાલ રાખવા અંગે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

પાના નંબર : ૪ : પર ચાલુ..

**ઠરાવ : ૪ :** આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે, સેન્ટર ફોર એકસોલસ ખાતે મૂકવામા આવેલ સાધનોની માહિતિ દર્શાવતા લેબલ લગવવા અંગે તથા માનનીય મુખ્યમંત્રીશ્રીની મુલાકાત અન્વયે થયેલ ખર્ચ આથી બહાલ રાખવામા આવે છે.

૫. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...

(૧) રક્ષા સેવામા જોડાયેલ અને બદલી પામેલા અધિકારીશ્રીઓ / કર્મચારીઓના સંતાનોને અભ્યાસક્રમમા પ્રવેશ આપવા બાબત :

યુનિવર્સિટી સંલગ્ન અભ્યાસક્રમોમા વિદ્યાર્થી પ્રવેશ માટે અલગ અલગ પધ્ધતિઓ પ્રવર્તમાન છે અને તે સંદર્ભે પ્રવેશ પ્રક્રિયા પૂરી કરવા માટે તારીખો નિયત કરવામા આવતી હોય છે આવા સંજોગોમા, જે તે શૈક્ષણિક વર્ષ માટેની પ્રવેશ કાર્યવાહી પૂર્ણ થઈ ગયા બાદ ગુજરાત સરકારશ્રી / કેન્દ્ર સરકારશ્રીની રક્ષા સેવામા કાર્યરત અધિકારી / કર્મચારીની બદલી થતા તેઓના સંતાનોએ જે તે વિસ્તારની યુનિવર્સિટી ખાતે ચાલતા અભ્યાસક્રમમા પ્રવેશ મેળવો પડે છે અને જો આ પ્રવેશ કાર્યવાહી પૂરી થઈ ગયા બાદ બદલી થયેલ હોય કે ફરજ પર હાજર થયેલ હોય તો, આવા વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે તે માટે તેઓને પ્રવેશ આપી શકાય કે કેમ તે અંગે ચર્ચા વિચારણા કરવામા આવતા એવી વિગતો મળેલ હતી કે, ભાવનગર યુનિવર્સિટી,ભાવનગર આવા સંજોગોમા યોગ્ય આધાર પૂરાવાઓ જેવા કે, બદલીનો ઓર્ડર, હાજર રીર્પોટની પ્રમાણિત નકલો મેળવી અને જે તે અભ્યાસક્રમ માટે પ્રવેશ યોગ્યતા ધરાવતા વિદ્યાર્થીઓને પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા બાદ પણ ખાસ કિસ્સા તરીકે પ્રવેશ આપે છે.સદર બાબતે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૫:** આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન અભ્યાસક્રમો પૈકી જે અભ્યાસક્રમો માટે વિદ્યાર્થી પ્રવેશ સંબંધે યુનિવર્સિટી સત્તા ધરાવે છે તેવા અભ્યાસક્રમો માટે ગુજરાત સરકારશ્રી / કેન્દ્ર સરકારશ્રીની રક્ષા સેવામા કાર્યરત અધિકારી / કર્મચારીની બદલી થતા તેઓના સંતાનો જો સંબંધિત અભ્યાસક્રમ માટે પ્રવેશ લાયકાત ધરાવતા હોય તો તેઓને યોગ્ય આધાર–પૂરાવા મેળવી પ્રવેશ આપવો સદર ઠરાવનુ અમલી કરણ શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪થી કરવાનુ રહેશે.

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી...

ઈ. ચા. કુલસચિવશ્રી
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી
ભુજ કચ્છ.